# ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત
# શ્રીમતી એમ. એન. કે. દલાલ એજ્યુકેશન કૉલેજ ફોર વિમેન
# વાર્ષિક અહેવાલ ( શૈક્ષણિક વર્ષ - ૨૦૧૬-૧૭ )

## પ્રસ્તાવના:

સદ્‌વિદ્યા એટલે સંસ્કાર સભર શિક્ષણ. સદ્‌વિદ્યા ભવનમ્ એટલે સંસ્કાર સભર શિક્ષણનું કેન્દ્ર. શ્રીમતી એમ. એન. કે. દલાલ એજ્યુકેશન કૉલેજ ફોર વિમેન આવું જ એક સંસ્કાર સભર શિક્ષણનું કેન્દ્ર છે જ્યાં ભાવિ શિક્ષકોનું ઘડતર થાય છે. શૈક્ષણિક વર્ષ - ૨૦૧૫-૧૬ થી બી.એડ.નો અભ્યાસક્રમ ૨ વર્ષનો થયો છે. તે વર્ષે ૫૦ તાલીમાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માં ૫૦ તાલીમાર્થીઓએ પ્રવેશ મેળવ્યો. આમ, કુલ ૧૦૦ તાલીમાર્થીઓ દ્‌વારા થયેલી શૈક્ષણિક, સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ તેમજ અધ્યાપકશ્રીઓ દ્‌વારા થયેલી વિશેષ પ્રવૃત્તિઓ અને સંશોધનકાર્યનો અહેવાલ અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

## શૈક્ષણિક પ્રવૃત્તિઓ:

### પ્રાયોગિક કાર્ય:

| ક્રમ | તારીખ | વિગત | ઈન્ચાર્જ અધ્યાપક |
|---|---|---|---|
| | | **સેમેસ્ટર: ૧** | |
| ૧. | ૩૦/૦૭/૧૬ થી ૦૨/૦૮/૧૬ | નાટક માટે કથાનકની રચના | ડૉ. સ્મિતાબહેન ત્રિવેદી અને ડૉ.દીપિકાબહેન રાઠોડ |
| ૨. | ૦૪/૦૮/૧૬ થી ૦૬/૦૮/૧૬ | કોઇ એક સામાજિક જુથના સામાજિક માળખાનો અભ્યાસ (સેવા સંસ્થાની મુલાકાત) | ડૉ. રમીલાબહેન સાલવી અને ડૉ.જલ્પાબહેન ગજ્જર |
| ૩. | ૦૮/૦૮/૧૬ થી ૧૧/૦૮/૧૬ અને ૩૧/૦૮/૧૬ | કોઇ એક પ્રાચીન ભારતીય વિદ્યાપીઠની પ્રણાલીની વિવેચનાત્મક ચર્ચા | પ્રા.સંદિપભાઇ બોરિચા અને ડૉ.કેવલભાઇ અંધારિયા |
| ૪. | ૨૬/૦૮/૧૬ થી ૩૧/૦૮/૧૬ | અપવાદરૂપ બાળકનો વ્યક્તિ અભ્યાસ (અપંગ માનવ મંડળ સંસ્થાના બાળકોની મુલાકાત) | ડૉ. સ્મિતાબહેન ત્રિવેદી અને ડૉ.દીપિકાબહેન રાઠોડ |
| ૫. | ૦૧/૦૯/૧૬ થી ૦૨/૦૯/૧૬ | વિષયવસ્તુ વિશ્લેષણ | ડૉ. સવિતાબહેન ડામોર અને ડૉ.રમીલાબહેન સાલવી |
| ૬. | ૨૯/૦૯/૧૬ | કોઇ એક શૈક્ષણિક સંસ્થાની મુલાકાત (ઈન્ડોલોજી મ્યુઝિયમની મુલાકાત) | ડૉ. સવિતાબહેન ડામોર અને પ્રા.સંદિપભાઇ બોરિચા |
| ૭. | ૦૧/૦૮/૧૬ થી ૨૩/૦૮/૧૬ | FC1- લલિતકળા | સર્વે પ્રાધ્યાપકશ્રીઓ |
| | | **સેમેસ્ટર: ૨** | |
| ૧. | ૧૯/૧૨/૧૬થી ૨૩/૧૨/૧૬ | અધ્યાપન વ્યૂહરચના કાર્યશિબિર (પાઠ આયોજન) | સર્વે પ્રાધ્યાપકશ્રીઓ |

| | | | |
|---|---|---|---|
| ૨. | ૧૭/૧૨/૧૬ અને ૧૧/૦૧/૧૭ | ગ્રંથ સમીક્ષા | ડૉ. સવિતાબહેન ડામોર |
| ૩. | ૧૭/૦૧/૧૭ | મનોવૈજ્ઞાનિક પ્રયોગો સમજૂતી અને સંચાલન | ડો. સ્મિતાબહેન ત્રિવેદી |
| ૪. | ૩/૦૨/૧૭ થી ૧૭/૦૨/૧૭ | કોઇ એક શાળાકીય વિષયના એક એકમ માટે કમ્પ્યુટર કૃત પ્રદર્શન કાર્યક્રમ(ppt)ની રચના | સર્વે પ્રાધ્યાપકશ્રીઓ |
| ૫. | ૧૨/૧૨/૧૬ થી ૧૩/૦૩/૧૭ | FC2- ICT | સર્વે પ્રાધ્યાપકશ્રીઓ |
| **સેમેસ્ટરઃ ૩** | | | |
| ૧. | ૦૮/૦૭/૧૬ | ક્રિયાત્મક સંશોધન (કાર્યશાળા) | ડૉ.રમીલાબહેન સાલવી |
| ૨. | ૧૨/૦૭/૧૬ થી ૧૬/૦૭/૧૬ | ઈન્ટર્નશીપ દરમ્યાન કરવાના કાર્યોની સમજ | સર્વે પ્રાધ્યાપકશ્રીઓ |
| ૩. | ૧૮/૦૭/૧૬ થી ૦૧/૧૦/૧૭ | ઈન્ટર્નશીપ (પ્રાથમિક શાળા) | ડૉ.દીપિકાબહેન રાઠોડ અને પ્રા.સંદિપભાઈ બોરિચા |
| ૪. | ઈન્ટર્નશીપ દરમ્યાન | શૈક્ષણિક સાધનની રચના (બંને પધ્ધતિ) | સર્વે પ્રાધ્યાપકશ્રીઓ |
| ૫. | ઈન્ટર્નશીપ દરમ્યાન | વિજ્ઞાન-ગણિત પ્રયોગો /નકશાપૂર્તિ / ગદ્ય-પદ્ય સમીક્ષા | સર્વે પ્રાધ્યાપકશ્રીઓ |
| ૬. | ૧૫/૦૬/૧૬ થી ૧૬/૦૭/૧૬ | FC-3 રમત ગમત<br><br>FC-4 યોગ | ડૉ.દીપિકાબહેન રાઠોડ અને ડૉ. કેવલભાઈ અંધારિયા<br>ડૉ. રોહિણીબહેન ઉપાધ્યાય અને ડૉ. જલ્પાબહેન ગજ્જર |
| **સેમેસ્ટરઃ ૪** | | | |
| ૧. | ૨૨/૧૧/૧૬ થી ૦૧/૧૨/૧૬ | એકમ આયોજન, બ્લ્યુ પ્રિન્ટ અને પ્રશ્નપત્રની રચના કાર્યશિબિર | સર્વે પ્રાધ્યાપકશ્રીઓ |
| | ૨૪/૧૧/૧૬ | બ્લ્યુ પ્રિન્ટ અને પ્રશ્નપત્રની રચના | ડૉ.રમીલાબહેન સાલવી |
| ૨. | ૨૬/૧૨/૧૬ થી ૨૬/૦૧/૧૭ | ઈન્ટર્નશીપ (માધ્યમિક શાળા) | ડૉ.દીપિકાબહેન રાઠોડ અને પ્રા.સંદિપભાઈ બોરિચા |
| ૩. | ૦૩/૦૨/૧૭થી ૦૪/૦૨/૧૭ | ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના ૧૦૦ વર્ષની ઉજવણી અંતર્ગત 'જાતિ સંવેદનશીલતા' પર આંતરકોલેજ કાર્યશિબિરનું આયોજન (સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી અને જેન્ડર રિસોર્સ સેન્ટરના સહયોગથી) | ડૉ. રોહિણીબહેન ઉપાધ્યાય અને ડૉ. જલ્પાબહેન ગજ્જર |
| ૪. | ૨૦/૦૨/૧૭ થી ૦૮/૦૩/૧૭ | પોર્ટફોલિયો | ડૉ. સવિતાબહેન ડામોર અને ડો. સ્મિતાબહેન ત્રિવેદી |
| ૫. | ૦૭/૦૩/૧૭ | ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના ૧૦૦ વર્ષની ઉજવણી અંતર્ગત મહિલા દિનની ઉજવણીની પૂર્વ સંધ્યાએ | આચાર્યશ્રી અને સર્વે પ્રાધ્યાપકશ્રીઓ |

| | | | |
|---|---|---|---|
| | | શૈક્ષણિક, સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રમાં ઉચ્ચ કામગીરી બદલ 'પ્રતિભાવંત મહિલાઓના સન્માન' કાર્યક્રમ (કુટુંબ સલાહ કેન્દ્ર, ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના સહયોગથી) | |

**પ્રાયોગિક પાઠો: ઈન્ચાર્જ અધ્યાપકશ્રી: ડૉ.કેવલભાઈ અંધારિયા અને ડૉ.જલ્પાબહેન ગજ્જર**

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૦૨/૦૯/૧૬થી ૨૮/૦૯/૧૬ | માઈક્રોટીચીંગ (સેમેસ્ટર-૧) |
| ૨. | ૧૯/૧૨/૧૬થી ૨૩/૧૨/૧૬ | પાઠ આયોજન કાર્યશિબિર (સેમેસ્ટર-૨) |
| ૩. | ૨૬/૧૨/૧૬થી ૧૦/૦૧/૧૭ | સિમ્યુલેશન (સેમેસ્ટર-૨) |
| ૪. | ૧૯/૦૧/૧૭ | નિદર્શન પાઠ (સેમેસ્ટર-૨) |
| ૫. | ૨૦/૦૧/૧૭થી ૨૫/૦૧/૧૭ | શાળાઓમાં પ્રયોગિક પાઠ (સેમેસ્ટર-૨) |
| ૬. | ૨૨/૧૧/૧૬ થી ૦૧/૧૨/૧૬ | એકમ આયોજન, બ્લ્યુ પ્રિન્ટ અને પ્રશ્નપત્રની રચના (સેમેસ્ટર-૪) |
| ૭. | ૦૫/૧૨/૧૬થી ૧૦/૧૨/૧૬ | બ્લોક ટીચિંગ (સેમેસ્ટર-૪) |

**પરીક્ષા: ઈન્ચાર્જ અધ્યાપકશ્રી: ડૉ. દીપિકાબહેન રાઠોડ અને પ્રા.સંદિપભાઈ બોરિચા**

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૨૦/૧૦/૧૬થી ૨૬/૧૦/૧૬ | પ્રિલીમ પરીક્ષા (સેમેસ્ટર-૧), વાર્ષિક પરીક્ષા (સેમેસ્ટર-૩) |
| ૨. | ૦૧/૧૨/૧૬થી ૦૫/૧૨/૧૬ | વાર્ષિક પરીક્ષા (સેમેસ્ટર-૧) |
| ૩. | ૦૨/૧૨/૧૬ | મૌખિક વાર્ષિક પરીક્ષા (સેમેસ્ટર-૩) |
| ૪. | ૧૩/૦૨/૧૭થી ૧૭/૦૨/૧૭ | વાર્ષિક પાઠ (સેમેસ્ટર-૪) |
| ૫. | ૨૦/૦૩/૧૭થી ૨૭/૦૩/૧૭ | પ્રિલીમ પરીક્ષા (સેમેસ્ટર-૨ અને ૪) |
| ૬. | ૩૦/૦૩/૧૭ | મૌખિક પરીક્ષા (સેમેસ્ટર-૪) |
| ૭. | ૧૦/૦૪/૧૭થી ૧૨/૦૪/૧૭ | વાર્ષિક પરીક્ષા (સેમેસ્ટર-૪) |
| ૮. | ૨૦/૦૪/૧૭થી ૨૫/૦૪/૧૭ | વાર્ષિક પરીક્ષા (સેમેસ્ટર-૨) |

**<u>સહઅભ્યાસિક કાર્યક્રમો અને કાર્ય શિબિર:</u>**

| ક્રમ | તારીખ | વિગત | ઈન્ચાર્જ અધ્યાપક |
|---|---|---|---|
| ૧. | ૧૭/૦૭/૧૬ | ગુરુ પૂર્ણિમાની ઉજવણી અને કોલેજ મેગેઝીન અને હસ્ત લિખિત અંક 'પ્રતિબિંબ' નું વિમોચન | ડૉ. રોહિણીબહેન ઉપાધ્યાય અને સર્વે પ્રાધ્યાપકશ્રીઓ |
| ૨. | ૧૮-૧૯/૦૭/૧૬ અને ૨૯-૩૦/૦૭/૧૬ | પ્રાર્થના સભા – લયબધ્ધ સમૂહ પ્રાર્થના ગાન,અને સભાસંચાલનની તાલીમ. | ડૉ. સવિતાબહેન ડામોર ડૉ. સ્મિતાબહેન ત્રિવેદી અને ડૉ. દીપિકાબહેન રાઠોડ |
| ૩. | ૨૧/૦૭/૧૬ | ગાણિતિક તર્ક કાર્યશિબિર | ડૉ. જલ્પાબહેન ગજ્જર |
| ૪. | ૨૨/૦૭/૧૬ | નૈતિક તર્ક કાર્યશિબિર | પ્રા.સંદિપભાઈ બોરિચા |

| | | | |
|---|---|---|---|
| ૫. | ૨૩/૦૭/૧૬ | પ્રતિપોષણની કળા અને વિજ્ઞાન કાર્યશિબિર | ડૉ. કેવલભાઇ અંધારિયા |
| ૬. | ૨૫/૦૭/૧૬ | આઇસ બ્રેકિંગ | ડૉ. સ્મિતાબહેન ત્રિવેદી |
| ૭. | ૨૬/૦૭/૧૬ | સમાચાર વાંચન કાર્યશિબિર | ડૉ. દીપિકાબહેન રાઠોડ |
| ૮. | ૨૭/૦૭/૧૬ | જોડણી કાર્યશિબિર | ડૉ. રમીલાબહેન સાલવી |
| ૯. | ૨૮/૦૭/૧૬ | કથન કૌશલ્ય કાર્યશિબિર | ડૉ. સવિતાબહેન ડામોર |
| ૧૦. | ૧૨/૦૮/૧૬થી ૨૩/૦૮/૧૬ | યાદ કરો કુરબાની – આઝાદી ૭૦ની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો | સર્વે પ્રાધ્યાપકશ્રીઓ |
| ૧૧. | ૧૫/૦૯/૧૬ | ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ દ્વારા આયોજિત ‘એવોર્ડ અર્પણ સમારોહ’ (પૂજ્યશ્રી મોરારિબાપુ તેમજ ગુજરાતના શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ઉપસ્થિતિ) | ડૉ. રોહિણીબહેન ઉપાધ્યાય અને સર્વે પ્રાધ્યાપકશ્રીઓ |
| ૧૨. | ૧૪/૧૦/૧૬ | સ્પોર્ટ્સ ડે | ડૉ. જલ્પાબહેન ગજ્જર અને સર્વે પ્રાધ્યાપકશ્રીઓ |
| ૧૩. | ૩૦/૦૧/૧૭ | શહીદદિન નિમિત્તે ‘ગાંધી’ ફિલ્મ નિદર્શન | ડૉ. જલ્પાબહેન ગજ્જર |
| ૧૫. | ૨૧/૦૨/૧૭ થી ૨૮/૦૨/૧૭ | થિમ આધારિત વિવિધ દિનોની ઉજવણી | સર્વે પ્રાધ્યાપકશ્રીઓ |
| ૧૬. | ૧૧/૦૩/૧૭ | કાયાવરોહણ અને નારેશ્વર પ્રવાસ | આચાર્યશ્રી અને સર્વે પ્રાધ્યાપકશ્રીઓ |
| ૧૭. | ૦૬/૦૪/૧૭ | વાર્ષિકોત્સવ અને વિદાય સમારંભ ( સેમેસ્ટર-૪ની તાલીમાર્થીઓ અને શ્રી શંકરભાઇ એલ. પ્રજાપતિ) | ડૉ. રમીલાબહેન સાલવી અને ડૉ.જલ્પાબહેન ગજ્જર |

**<u>નિષ્ણાતોનાં વ્યાખ્યાન:</u>**

| ક્રમ | તારીખ | વિગત | નિષ્ણાતનું નામ |
|---|---|---|---|
| ૧. | ૧૩/૧૦/૧૬ | બચત યોજના | શ્રી પલક બહેન લોટિયા |
| ૨. | ૧૯/૧૨/૧૬ | કેક રેસિપી નિદર્શન | |
| ૩. | ૧૦/૦૨/૧૭ | ઉચ્ચ અભ્યાસ અંગેનું માર્ગદર્શન | ડૉ. ભાવિકભાઇ શાહ |
| ૪. | ૦૩/૦૨/૧૭ થી ૦૪/૦૨/૧૭ | ‘જાતિ સંવેદનશીલતા’ આંતરકોલેજ કાર્યશિબિર દરમ્યાન નિષ્ણાતોનાં વ્યાખ્યાન | |
| | | સ્ત્રી સશક્તીકરણ | શ્રી વસુબહેન |
| | | ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સ્ત્રીનો દરજ્જો | ડૉ. ચંદ્રિકાબહેન રાવલ |
| | | જાતિગત ભેદભાવ | શ્રી અમિતભાઇ દવે |
| | | જાતિ આધારિત શ્રમ વિભાજન અને જેન્ડર બજેટ | ડૉ. સિરાલીબહેન મહેતા |
| | | મહિલાઓ પર થતી હિંસા | ડૉ. શૈલજાબહેન ધ્રુવ |
| | | સમાજના સામાજિક દૂષણો | શ્રી સેજલબહેન જોષી |
| | | જેન્ડર સભાનતા માટે શિક્ષકની ભુમિકા | ડૉ. સ્મિતાબહેન ત્રિવેદી |

| | | | |
|---|---|---|---|
| ૫. | ૦૭/૦૩/૧૭ | 'પ્રતિભાવંત મહિલાઓના સન્માન' કાર્યક્રમ દરમ્યાન નિષ્ણાતોનાં વ્યાખ્યાન | |
| | | સ્ત્રી સશક્તીકરણ | શ્રી લીલાબહેન દેસાઇ |
| | | સ્ત્રી સશક્તીકરણમાં શિક્ષણનું પ્રદાન | શ્રી ઊષાબહેન પંડિત |
| | | મહિલા અને કાયદો | એડવોકેટ પરિમલભાઇ દેસાઇ |
| ૬. | ૦૯/૦૩/૧૭ | ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ | ડૉ. સંજયભાઇ ઠાકર |
| ૭. | ૦૬/૦૪/૧૭ | દિક્ષાંત પ્રવચન | શ્રી સોમભાઇ પટેલ |

## સપ્તધારા અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજનઃ

**જ્ઞાનધારાઃ ઇનચાર્જ અધ્યાપકશ્રી – ડૉ. સવિતાબહેન ડામોર**

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | સમગ્ર વર્ષ | સમગ્ર વર્ષ દરમ્યાન દરરોજ પ્રાર્થના સભામાં સામાન્ય જ્ઞાન આધારિત ક્વીઝની તાલીમાર્થીઓ દ્વારા રજૂઆત. |
| ૨. | ૧૪/૦૨/૧૬ | દિવ્યજીવન સાંસ્કૃતિક સંઘ,શિવાનંદ આશ્રમ જોધપુર, અમદાવાદ- આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં ૨ અને નિબંધ સ્પર્ધામાં ૧૨ તાલીમાર્થીઓએ ભાગ લીધો. |
| ૩. | ૧૭/૦૩/૧૬ | પૂ.માતાજી નિબંધ સ્પર્ધામાં સમગ્ર વર્ગની તાલીમાર્થી બહેનોએ ભાગ લીધો હતો. |
| ૪. | ૩/૦૮/૧૬ | સ્વ. શ્રી દીવાળીબેન ભૂપતાણી વક્તૃત્વ સ્પર્ધામાં વર્ગની સમગ્ર તાલીમાર્થીઓએ ભાગ લીધો. (વર્ષઃ૨૦૧૬-૧૮) |
| ૫. | ૨૨/૦૮/૧૬ | 'આઝાદી ૭૦' ઉજવણીમાં 'યાદ કરો કુરબાની' કાર્યક્રમ અંતર્ગત સમગ્ર વર્ગની તાલીમાર્થી બહેનોએ 'આઝાદીની લડતમાં સ્વાતંત્ર્ય સેનાનીઓનું યોગદાન' વિષય પર નિબંધ લેખન કાર્ય કર્યુ. |
| ૬. | ૧૦/૧૦/૧૬ | શ્રી રામચંદ્ર મિશન- અખિલ ભારતીય નિબંધ લેખન કાર્યક્રમ અંતર્ગત ૯ તાલીમાર્થીઓએ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો. |
| ૭. | ૦૫/૦૧/૧૭ | એ.જી.ટીચર્સ કૉલેજ અમદાવાદ દ્વારા આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં તાલીમાર્થી ચુડાસમા હેતલ બી.એ ભાગ લીધો. |
| ૮. | ૩૦/૦૧/૧૭ | એલ.ડી.આર્ટ્સ કૉલેજ અમદાવાદ દ્વારા આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં તાલીમાર્થી પ્રજાપતિ અમિતા બી. એ ભાગ લીધો. |
| ૯. | ૨૨/૦૨/૧૭ | કે.સી.જી. અમદાવાદ દ્વારા આયોજીત 'ખાદી ફોર નેશન ખાદી ફોર ફેશન' વક્તૃત્વ સ્પર્ધામાં ૪૧ તાલીમાર્થીઓએ ભાગ લીધો. |
| ૧૦. | ૨૮/૦૨/૧૭ | સરદાર વલ્લભભાઇ સ્મૃતિ ટ્રસ્ટ અમદાવાદ આયોજિત નિબંધ સ્પર્ધામાં ૬ તાલીમાર્થીઓએ ભાગ લીધો. જેમાં (૧) પરીખ ભૂમિ એ. પ્રથમ ઇનામ-૨૫૦૦ રૂ.<br>(૨) શેખ સંજીદાબાનું એમ. દ્વિતીય ઇનામ-૨૦૦૦ રૂ.<br>(૩) પરમાર રેણુંકા કે. આશ્વાસન ઇનામ-૨૫૦ રૂ. |

**ગીત સંગીત નૃત્ય ધારાઃ ઇનચાર્જ અધ્યાપકશ્રી – ડૉ. રમીલાબહેન સાલવી**

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| | | સમગ્ર વર્ષ દરમ્યાન પ્રાર્થનાસભામાં ઢોલક સાથે સમૂહ પ્રાર્થનાગાન |
| ૧. | ૨૦/૦૮/૧૬ | 'આઝાદી ૭૦' ઉજવણી અંતર્ગત શૌર્યગીત સમૂહગાન પ્રવૃત્તિમાં પ્રથમ વર્ષની તમામ તાલીમાર્થી બહેનોએ જૂથમાં શૌર્યગીતો અને દેશભક્તિ ગીતો રજૂ કર્યાં. |
| ૨. | ૧૫/૦૯/૧૬ | ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ દ્વારા આયોજિત એવોર્ડ અર્પણ સમારોહમાં ૧૮ તાલીમાર્થીઓએ સ્વાગત કાર્યક્રમમાં ભાગ લીધો. |
| ૩. | ૦૪/૧૦/૧૬ | એસ.એલ.યુ. કોલેજ અને દલાલ એજ્યુકેશન કોલેજના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ગરબા ઉત્સવમાં તાલીમાર્થીઓએ અને સ્ટાફ સભ્યોએ ગરબાની રમઝટ બોલાવી હતી. |
| ૪. | ૧૦/૧૦/૧૬ | એમ. એડ્. ઇન્ટર્ની દ્વારા અંત્યાક્ષરીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બંને વર્ષની તાલીમાર્થી બહેનોએ ગીતો ગાઈને આનંદ માણ્યો હતો. |
| ૫. | ૩૦/૦૧/૧૭ | ગીતાજયંતિ નિમિત્તે ઍલ. ડી. આર્ટ્સ કોલેજ દ્વારા આયોજિત શ્લોકગાન સ્પર્ધામાં ભૂમિ પરીખે ભાગ લીધો. |
| ૬. | ૨૧/૦૨/૧૭ | વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી અંતર્ગત 'માતા છે ગુજરાતની ધરતી' ગીતનું વિડિયો નિદર્શન કરવામાં આવ્યું. |
| ૭. | ૨૭/૦૨/૧૭ | વિવિધ દિનોની ઉજવણી અંતર્ગત 'બોલીવુડ સંગીત અને ક્વિઝ' નું આયોજન |
| ૮. | ૦૬/૦૪/૧૭ | વાર્ષિકોત્સવની ઉજવણીમાં બન્ને વર્ષની તાલીમાર્થી બહેનોએ ગીત-નૃત્યની રમઝટ બોલાવી હતી. |

**સર્જનાત્મક અભિવ્યક્તિ ધારાઃ ઈનચાર્જ અધ્યાપકશ્રી – ડૉ. સ્મિતાબહેન ત્રિવેદી**

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૧૬/૦૭/૧૬ | આચાર્યાશ્રી, સર્વ પ્રાધ્યાપકો અને તાલીમાર્થીઓ દ્વારા 'પ્રતિબિંબ' નામે હસ્તલિખિત અંકનું વિમોચન |
| ૨. | ૧૬/૦૭/૧૬ | 'ગુરુપૂર્ણિમા'ના અવસરે પ્રસંગોચિત કાવ્ય પઠનની રજૂઆત |
| ૩. | ૧૮/૦૭/૧૬ થી ૦૧/૧૦/૧૬ | ઈન્ટર્નશીપ દરમ્યાન તાલીમાર્થીઓ દ્વારા ઉચ્ચ પ્રાથમિક શાળામાં સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ અંતર્ગત 'કાવ્ય પઠન' કાર્યક્રમોનું આયોજન |
| ૪. | ૧૯/૦૮/૧૬ | 'યાદ કરો કુરબાની – આઝાદી ૭૦'ની ઉજવણી નિમિત્તે સેમ – ૧ના તાલીમાર્થીઓનો સ્વ રચિત કાવ્ય અને સૂત્ર લેખન કાર્યક્રમ |
| ૫. | ૦૬/૧૦/૧૬ | સેમ – ૧ની સર્વ તાલીમાર્થીઓએ FC – 1 અંતર્ગત ગુજરાતી અને હિન્દી ભાષામાં કાવ્ય પઠનની પ્રસ્તુતિ કરી. |
| ૬. | ૨૬/૧૨/૧૬ થી ૨૬/૦૧/૧૭ | ઈન્ટર્નશીપ દરમ્યાન તાલીમાર્થીઓ દ્વારા ઉચ્ચ માધ્યમિક શાળામાં સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ અંતર્ગત 'કાવ્ય પઠન' કાર્યક્રમોનું આયોજન |
| ૭. | ૨૧/૦૨/૧૭ | 'વિશ્વ માતૃભાષા દિન' નિમિત્તે પ્રસંગોચિત કાવ્યોનું પઠન |

**નાટ્યધારાઃ ઈનચાર્જ અધ્યાપકશ્રી – ડૉ. દીપિકાબહેન રાઠોડ**

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| **૧.** | ૧૬/૦૭/૧૬ | ઈન્ટર્નશીપ કાર્યક્રમ (૧૮-૦૭-૧૬ થી ૦૧-૧૦-૧૬) અનુસંધાને સાક્ષરતા કાર્યક્રમની સમજૂતી માટે નાટકની રજૂઆત કરવામાં આવી હતી. |
| ૨. | ૦૧/૦૮/૧૬ | EPC-2 Art & Drama-માં સ્ક્રીપ્ટ લેખન શીખવવા માટે, શીઘ્રનાટક પ્રવૃતિ કરાવવામાં આવી હતી. જેમાં દરેક તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. |
| ૩. | ૨૦/૦૮/૧૬ | 'યાદ કરો કુરબાની ,આઝાદી- ૭૦'ની ઉજવણી નિમિત્તે ડૉ.જલ્પાબેન ગજ્જરે 'ભગતસિંહ' ફિલ્મનુ નિદર્શન કરાવ્યુ હતું |
| ૪. | ૨૨/૦૮/૧૬ | 'યાદ કરો કુરબાની ,આઝાદી- ૭૦'ની ઉજવણી નિમિત્તે 'ઝબક જ્યોત' પાઠ પર તાલીમાર્થીઓ દ્વારા નાટકની રજૂઆત કરવામાં આવી હતી. |
| ૫. | ૨૪/૧૨/૧૬ | ઈન્ટર્નશીપ કાર્યક્રમ (૨૬-૧૨-૧૬ થી ૨૬-૦૧-૧૭) અનુસંધાને શિક્ષક-વિધ્યાર્થીની મુલાકાત નાટ્યીકરણ પ્રવૃતિ દ્વારા સમજાવી. |
| ૬. | ૩૦/૦૧/૧૭ | શહિદ દિન નિમિત્તે 'ગાંધી' ફિલ્મ નિદર્શન |
| ૭. | ૨૫/૦૨/૧૭ | થીમ આધારિત દિનની ઉજવણી અંતર્ગત 'ચૉક એન્ડ ડસ્ટર' ફિલ્મનું નિદર્શન કરાવ્યુ હતુ. |
| ૮. | ૦૬/૦૪/૧૭ | વાર્ષિક દિન ઉજવણી ગીત. નૃત્ય, અને નાટકની રમઝટથી કરવામાં આવી હતી. |

**સામુદાયિક સેવા ધારાઃ ઈનચાર્જ અધ્યાપકશ્રી – શ્રી સંદીપભાઈ બોરિચા**

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૨૩/૦૮/૧૬ | યાદ કરો કુરબાની – આઝાદી ૭૦ની ઉજવણી અંતર્ગત કોચરબ આશ્રમની મુલાકાત અને સાક્ષરતા રેલીનું આયોજન. આચાર્યાશ્રી, સર્વે અધ્યાપકો અને સેમ.૧ની ૪૭ વિદ્યાર્થીનીઓએ મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત સ્વતંત્રતાપ્રાપ્તિનાં ઐતિહાસિક સ્થળની મુલાકાત. |
| ૨. | ૧૩/૧૦/૧૬ | SEBI અંતર્ગત (ફાઈનાન્સિયલ એજ્યુકેશન-બચત,રોકાણ,ફરિયાદ નિવારણ અને બેન્કિંગ) વિષય પર પલકબેન લોટીયાનું દૃશ્ય-શ્રાવ્ય પ્રવચન.જેમાં સેમ.૧ અને ૩ ની બધી તાલીમાર્થીઓએ ભાગ લીધો. |
| ૩. | ૨૧/૧૨/૧૬ | ministry of urban dev.અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં સંયુક્ત ઉપક્રમે 'સ્વચ્છ ભારત'અભિયાન અંતર્ગત 'સ્વચ્છતા એપ ડાઉનલોડ કરો ' તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવેલ .જેમાં શૈલેષ બ્રહ્મભટ્ટ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.સેમ.૨ અને ૪ ની બહેનોએ પોતાના મોબાઈલમાં એપ ડાઉનલોડ કરી તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની જાણકારી પ્રાપ્ત કરી. |
| ૪. | ફેબ્રુઆરી-૧૭ | સેમ-૪ ની તાલીમાર્થીઓએ ઈન્ટર્નશિપ દરમ્યાન નિરક્ષર લોકો માટે સાક્ષરતા અભિયાન અંતર્ગત ૪ અઠવાડિયા સુધી વાચન –લેખન અને ગણન કરાવ્યું. |
| ૫. | ૦૯/૦૩/૧૭ | 'ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ' અંતર્ગત ડો.સંજય ઠાકર દ્વારા દૃશ્ય-શ્રાવ્ય રજૂઆત. |

**કલા કૌશલ ધારાઃ ઈનચાર્જ અધ્યાપકશ્રી – ડૉ. કેવલભાઈ અંધારિયા**

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૧૨/૦૮/૧૬ | 'યાદ કરો કુરબાની ,આઝાદી- ૭૦' અંતર્ગત સેમ-૧નાં તમામ તાલીમાર્થી બહેનો માટે પોસ્ટર મેકિંગ, કાર્ટુનીંગ, રંગોળી, કોલાઝ પેઈન્ટિંગ, પોટ્રેટનું આયોજન |
| ૨. | ૨૨/૦૨/૧૭ | 'ભારતીય ચિત્રકલા' વિષયક પોસ્ટર મેકિંગનું આયોજન |
| ૩. | ૨૩/૦૨/૧૭ | 'ભારતીય ચિત્રકલા'વિષયક ચિત્રોનું પ્રદર્શન |
| ૪. | ૨૮/૦૨/૧૭ | 'નોન ફાયર કુકિંગ ડે'ની ઉજવણી |

**વ્યાયામ, યોગ -ખેલકૂદ ધારાઃ ઈનચાર્જ અધ્યાપકશ્રી – ડૉ. જલ્પાબહેન ગજ્જર**

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૧૬/૦૬/૧૬ | ‘આયુષ’ યોગ વિષય પર વિડીયો નિદર્શન (સેમેસ્ટર-૩) |
| ૨. | ૨૧/૦૬/૧૬ | ‘આંતરરાષ્ટ્રીય યોગદિન’ ની ઉજવણી (સેમેસ્ટર-૩) |
| ૩. | ૧૮/૦૭/૧૬ થી ૦૧/૧૦/૧૭ ૨૬/૧૨/૧૬ થી ૨૬/૦૧/૧૭ | ઈન્ટર્નશીપ દરમ્યાન સેમેસ્ટર-૪ની તાલીમાર્થીઓએ વિવિધ શાળાઓમાં દોડ, વિઘ્ન દોડ, ચિત્ર પૂર્તિ, લીંબુ ચમચી દોડ અને સંગીત ખુરશી જેવી સ્પર્ધાઓનું આયોજન કર્યું હતું. |
| ૪. | ૨૪/૦૮/૧૬ | ‘યાદ કરો કુર્બાની’ અંતર્ગત રમત ગમતનું આયોજન |
| ૫. | ૧૪/૧૦/૧૬ | ‘સ્પોર્ટ્સ ડે’ ની ઉજવણી અંતર્ગત સમગ્ર તાલીમાર્થીઓએ વિવિધ દસ રમત-ગમત સ્પર્ધાઓમાં ભાગ લઈને રમત-ગમત દિનની ઉજવણી કરી હતી. |
| ૬. | ૨૧/૦૨/૧૭ | વિવિધ દિનની ઉજવણી અંતર્ગત ‘વિસરાતી રમતો’માં સાતોલીયું, નદી પર્વત, ઈંડુ, ચીંગમ, વગેરે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમગ્ર તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. |

## CWDC – કૉલેજ વિમેન ડેવલપમેન્ટ સેલ – ઈનચાર્જ અધ્યાપકશ્રી - ડૉ. સ્મિતાબહેન ત્રિવેદી

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૧૧/૦૨/૧૭ | ‘સુરક્ષા સેતુ વાન’ અમદાવાદ પોલીસ દ્વારા આયોજિત કૉલેજમાં ‘મહિલા સુરક્ષા જાગૃતિ’ માટે દ્રશ્ય-શ્રાવ્ય રજૂઆત કરી હતી. એલિસબ્રિજ પોલીસ મથકના પી.એસ.આઇ. શ્રી જગદીશ કંડોરિયાએ માહિતી આપી હતી. |
| ૨. | ૨૨/૦૨/૧૭ | એસ. એલ. યુ. આર્ટસ એચ.એન્ડ પી. ઠાકોર કૉમર્સ કૉલેજના હોમસાયન્સ વિભાગ તરફથી આયોજિત ‘આનંદ મેળા’માં સર્વ આધ્યાપકો અને સર્વ તાલીમાર્થીઓએ હાજરી આપી. |
| ૩. | ૦૭/૦૩/૧૭ | ‘પ્રતિભાવંત મહિલાઓના સન્માન’નો કાર્યક્રમ |

## ‘સંધાન’ (બાયસેગ) - ઈનચાર્જ અધ્યાપકશ્રી - શ્રી સંદિપભાઈ બોરિચા અને ડૉ.જલ્પાબહેન ગજ્જર

(Bhaskaraacharya Institute for Space Aplication and Geo-informatics)

| ક્રમ | તારીખ | વિષય | વક્તા | ભાગ લેનાર |
|---|---|---|---|---|
| ૧. | ૧૫/૦૬/૧૬ | યોગ શિક્ષણ | તજજ્ઞશ્રી | આચાર્યશ્રી, સમગ્ર શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીગણ |

બાયસેગ દ્વારા યુ-ટ્યુબ પર કોલેજના આચાર્યશ્રી તેમજ અન્ય અધ્યાપકોના લેક્ચર્સ મુકવામાં આવ્યા છે. જે તાલીમાર્થીઓ નિહાળે તે માટે પ્રોત્સાહિત કર્યા.

### વિશેષ તાલિમ કાર્યક્રમઃ

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૧-૨/૧૨/૧૬ | સી.એસ.સી.દ્વારા આયોજીત Teachers Training Workshop on ‘Innovative |

| | | |
|---|---|---|
| | | Approaches in Mathematics Education' માં બે તાલીમાર્થીઓએ ભાગ લીધો. |
| ૨. | ૬-૭/૧૨/૧૬ | સી.એસ.સી.દ્વારા આયોજીત Teachers Training Workshop on 'Innovative Approaches in Science Education' માં ચાર તાલીમાર્થઓએ ભાગ લીધો. |
| ૩. | ૩૧/૦૩/૧૭ | શ્રી એમ.એન.શુક્લ કોલેજ ઓફ એજ્યુકેશન અને પર્યાવરણ મિત્ર સંસ્થા દ્વારા આયોજીત "જીદ કરો પર્યાવરણ બચાવો" વિષયક પર્યાવરણ શિક્ષક તાલીમ કાર્યક્રમમાં કોલેજની ત્રણ તાલીમાર્થીઓએ ભાગ લીધો. |
| ૪. | ૧૧/૦૪/૧૭ થી ૧૫/૦૪/૧૭ | કોલેજ અને આઇ.સી.ટી.સેન્ટર દ્વારા આયોજીત ડેલ લેબ તાલીમ કાર્યક્રમમાં સર્વે અધ્યાપકશ્રીઓએ ભાગ લીધો. |

### એમ. એડ્. ઇન્ટર્નશિપઃ ઇનચાર્જ અધ્યાપકશ્રીઃ ડૉ. દીપિકાબહેન રાઠોડ

આ વર્ષે ગુજરાત યુનિ.ના શિક્ષણ ભવનમાંથી બીજા સત્રમાં દેવાંગી વી. પ્રજાપતિ અને દેવાંશી પી. ભટ્ટ તા.૦૧-૧૦-૧૬થી તા.૧૦-૧૦-૧૬ દરમ્યાન એમ.ઍડ. ઇન્ટર્નશીપ માટે આવ્યા હતા. આ બહેનોએ સંતોષજનક કામગીરી કરી હતી અને એ દરમ્યાન વિવિધ સહાભ્યાસ પ્રવૃત્તિઓ કરાવી હતી.

### ઉદિશા ક્લબઃ ઇનચાર્જ અધ્યાપકશ્રીઃ પ્રા. સંદીપભાઇ બોરિચા

( Universal Development of Integrated Employability Skills through Higher Education Agencies)

ઉદિશા અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ ઉદિશા ક્લબમાં નવા સભ્યોની નોંધણી કરવામાં આવી. જેમાં આચાર્યશ્રી ડૉ.રોહિણિબેન ઉપાધ્યાય, અધ્યાપક શ્રી સંદીપભાઇ બોરિચા અને ૬ તાલીમાર્થીઓની હોદ્દેદારો તરીકે નિમાણૂક કરી.વર્ષની શરૂઆતમાં ઉદિશાના હેતુઓ અને કાર્યો વિશે અભિમુખ કરવા માટે પ્રા.સંદિપ બોરિચાએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપી તથા સમગ્ર વર્ષ દરમ્યાન કરવાના કાર્યોનું આયોજન કર્યું.

બી.ઍડ્.પ્રોગ્રામ ઉત્તમ શિક્ષકોને તૈયાર કરવાનું ધ્યેય રાખે છે. બી.એડ્..કર્યા પછી શિક્ષક માટે કઈ કઈ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આવે છે તેની માહિતી જો વિદ્યાર્થીઓ પાસે હોય તો ભવિષ્યનું સારું આયોજન થઇ શકે .પ્રવર્તમાન સમયમાં શિક્ષકોની ભરતીપ્રક્રિયામાં પરિવર્તન આવતાં TAT/TETની પરીક્ષા દાખલ કરવામાં આવી છે.તેથી TATની પરીક્ષાથી વિધ્યાર્થીઓને માહિતગાર કરવા જરૂરી છે.ભવિષ્યમાં વ્યવસાયને અનુરૂપ તૈયાર કરવા તેને માર્ગદર્શન મળી રહે તે હેતુથી 'TAT માર્ગદર્શન કાર્યક્રમ'નું આયોજન કરેલ.

જેમાં ઉદિશાના ઈન્ચાર્જ પ્રા.સંદિપ બોરિચાએ તા.૦૯-૩-૧૭ ના રોજ કાર્યક્રમની શરૂઆતમાં TAT ની જરૂરિયાત,માળખુ,ગુણાંકન યોજના,પાઠ્યક્રમ તથા સમગ્ર કાર્યક્રમની રૂપરેખાથી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતગાર કર્યા.જેમાં TAT, TET, NET, SLET, CTET, GES, DEO, DPEO, CRC, BRC અને GPSC જેવી પરીક્ષાઓની માહિતી પૂરી પાડવામાં આવી .

તા.૧૦-૩-૧૭ના રોજના રોજ પ્રા.સંદિપ બોરિચાએ ૫ વિભાગો પૈકી સામાન્ય અભ્યાસ (G.K.)માં આવતા મુદ્દાઓને આવરી લઈને (મૂળભૂત ફરજો, સાહિત્ય સંગીત કલા, ભારતીય બંધારણ, રમતજગત, ભારત અને ગુજરાતની ભૂગોળ, રાજ્યવ્યવસ્થા, સામ્પ્રત પ્રવાહો) કેવા પ્રશ્નો પૂછાય તેની સચિત્ર માહિતી આપી. આ ઉપરાંત સંદર્ભ સાહિત્યની પણ માહિતી આપવામાં આવી.

તા.૧૦-૩-૧૭ ના રોજ ના રોજ ડૉ.કેવલ અંધારિયાએ અભ્યાસક્રમના મુદ્દા શૈક્ષણિક મનોવિજ્ઞાનની ચર્ચા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા કરી.જેમાં વૃધ્ધિ અને વિકાસ, તરુણાવસ્થા, શૈક્ષણિક મનોવિજ્ઞાનની પધ્ધતિઓ, વૈયક્તિક ભિન્નતા, અધ્યયન, બુધ્ધિ, બચાવપ્રયુક્તિઓ, પ્રેરણા, વિશિષ્ટ બાળકો, વ્યક્તિત્વ, રસ, મનોવલણ અને અભિયોગ્યતા વિશે સવિસ્તર ચર્ચા કરી.આ સાથે તેમના દ્વારા મુદ્દાઓને સુસંગત પ્રશ્નો અને સંદર્ભ સાહિત્યની માહિતી પણ પૂરી પાડવામાં આવી.

તા.૧૪/૦૩/૧૭ નાં રોજ ડૉ.જલ્પાબેન એચ.ગજ્જરે અભ્યાસક્રમના વિભાગ-૫ તર્કશક્તિની ચર્ચા કરી.જેમાં અવકાશીય સમજ, તાર્કિક અભિયોગ્યતા, સંબંધ ઘટાયક, આગમનાત્મક તર્ક, કૂટપ્રશ્નો, આંકિક શક્તિ, દિશાનિર્દેશ, અન્તર, કેલેન્ડર, સમયનિર્દેશ, ભાષાકીય તર્ક, સંખ્યાપધ્ધતિ અને આકૃતિ આધારિત પ્રશ્નોની ચર્ચા કરી.વિદ્યાર્થીઓને તર્કશક્તિનાં પાયાના ઘટકોની સમજ આપી મહાવરો આપવામાં આવ્યો.

તા.૧૪/૦૩/૧૭ નાં રોજ ડૉ.રમીલાબેન સાલવીએ અભ્યાસક્રમના વિભાગ-૪ અંગ્રેજીની ચર્ચા કરી.જેમાં વ્યાકરણના વિવિધ મુદ્દાઓ જેવા કે કાળ, સંયોજકો. વાક્યરચના, ક્રિયાપદની રચના, વાક્યમાં ભૂલો શોધવી જેવા મુદ્દાઓની ચર્ચા કરી.વિદ્યાર્થીઓને અંગ્રેજીમાં કયા પ્રકારની તૈયારી કરવી તેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. સાથે સાથે ઈન્ટરનેટ પર ઉપલબ્ધ સામગ્રી પૂરી પાડવામાં આવી.

તા.૧૪/૦૩/૧૭ નાં રોજ ડૉ.સ્મિતાબેન ત્રિવેદીએ અભ્યાસક્રમના વિભાગ-૩ ગુજરાતીની ચર્ચા કરી.જેમાં વ્યાકરણના વિવિધ મુદ્દાઓ જેવા કે અલંકાર, સમાસ, સંધિ, કહેવતો, વિરામચિહ્નો, સમાનાર્થી - વિરુદ્ધાર્થી શબ્દો,સાહિત્ય આધારીત પ્રશ્નો અને રૂઢીપ્રયોગો જેવા મુદ્દાઓની ચર્ચા કરી. વિદ્યાર્થીઓને ગુજરાતીમાં કયા પ્રકારની તૈયારી કરવી તેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. સાથે સાથે ઈન્ટરનેટ પર ઉપલબ્ધ સામગ્રી પૂરી પાડવામાં આવી.

તા.૧૪/૦૩/૧૭ નાં રોજ ડૉ.સવિતાબેન ડામોરે એ અભ્યાસક્રમના મુદ્દા શૈક્ષણિક તત્ત્વજ્ઞાનની ચર્ચા કરી.જેમાં આદર્શવાદ ,પ્રકૃતિવાદ અને વ્યવહારવાદ વિષયક ચર્ચા કરવામાં આવી .તેમને ઓવર હેડ પ્રોજેક્ટરની મદદથી માહિતી આપી .

તા.૨૭/૦૩/૧૭ નાં રોજ વિદ્યાર્થીઓને પરીક્ષાનો મહાવરો થાય તે હેતુસર MockTestનું આયોજન કરવામાં આવેલ .જેમાં પ્રશ્નપત્ર -૧ નાં બધા વિભાગો આધારીત ૧૫૦ ગુણનું પ્રશ્નપત્ર તૈયાર કરી આપવામાં આવ્યું. તેમાં ૪૬ વિદ્યાર્થિનીઓએ પરીક્ષા આપી. પરીક્ષા પછી તેનું ગુણાંકન કરાવવામાં આવ્યું. કાર્યક્રમને અંતે સમગ્ર માર્ગદર્શન કાર્યક્રમ આધારીત પ્રતિભાવો મેળવવામાં આવ્યા.

ઉદીશાનું કાર્ય નોકરીદાતા અને નોકરીવાંછું વચ્ચે સેતુરૂપ બનવાનું છે.તેથી બી.એડ્. કર્યા પછી સારી શાળામાં નોકરી પ્રાપ્ત થાય તે માટે જુદી –જુદી શાળાઓ સાથે સંપર્ક કરી તેમના bio data અને સંપર્કની માહિતી આપવામાં આવી.આ માટે શ્રેયસ ફાઉન્ડેશન, DAV સ્કૂલ, વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ અને તત્ત્વમસિ વિદ્યાલય સાથે સંપર્ક કરી માહિતીનું આદાનપ્રદાન કરવામાં આવ્યું.

**અધ્યયન-અધ્યાપનમાં નવતર પ્રયોગ:**

| ક્રમ | તારીખ | વિગત | અધ્યાપકશ્રી |
|---|---|---|---|
| ૧. | ૩૦/૦૭/૧૬ | સેમ – ૧ના તાલીમાર્થીઓએ EPC – 2 'નાટ્ય અને કલા' વિષયમાં સ્વાધ્યાય અંતર્ગત 'આંધળી માનો કાગળ' એ થીમ પર વિડિયો બતાવીને સંવાદ લેખનની પ્રસ્તુતિ કરી. | ડૉ. સ્મિતાબહેન ત્રિવેદી |
| ૨. | સેમ. ૧ | તાલીમાર્થીઓ માટે PE – 1 બાલ્યાવસ્થા અને વિકાસ પ્રશ્ન પત્ર માટે વેબસાઈટ તૈયાર કરી સ્વ-અધ્યયન સામગ્રી પૂરી પાડી. | ડૉ. કેવલ અન્ધારિયા |
| ૩. | સેમ. ૧ | તાલીમાર્થીઓ માટે EPC – 1 વિષય વસ્તુ વાચન અને ચિન્તન પ્રશ્ન પત્ર માટે બ્લોગ તૈયાર કરી સ્વ-અધ્યયન સામગ્રી પૂરી પાડી. | શ્રી સન્દિપ બોરિચા |
| ૪. | સેમ. ૩ | સન્સ્કૃત વ્યાકરણના એક એકમ માટે વર્કકાર્ડ સાહિત્ય દ્વારા અધ્યાપન કાર્ય | શ્રી સન્દિપ બોરિચા |
| ૫. | સેમ. ૨ | સન્સ્કૃત પધ્ધતિમાં રચના શિક્ષણનુ નિદર્શન અને સિમ્યુલેશન પાઠમાં તેનો વિનિયોગ | શ્રી સન્દિપ બોરિચા |
| ૬. | સેમ. ૨ | તાલીમાર્થીઓ માટે CP – 1 અધ્યયનનું મૂલ્યાંકન પ્રશ્ન પત્ર માટે વેબસાઈટ તૈયાર કરી સ્વ-અધ્યયન સામગ્રી પૂરી પાડી. | ડૉ. કેવલ અન્ધારિયા |
| ૭. | ૧૩/૧૨/૧૬ | સેમ – ૪ની તાલીમાર્થીઓ દ્વારા EPC – 4 'સ્વની સમજ' પ્રશ્નપત્ર અંતર્ગત 'સ્વ'નું 'SWOT Analysis' લેખન કાર્ય | ડૉ. સ્મિતાબહેન ત્રિવેદી |
| ૮. | ૧૭/૧૨/૧૬ | સેમ – ૪ ની તાલીમાર્થીઓને EPC – 4 'સ્વની સમજ' પ્રશ્નપત્ર અંતર્ગત નોટબુકની ભેટ અને તેમાં શુભેચ્છા સંદેશ અને 'સ્વ' અંગેનું લેખન કાર્ય. પોતાના નામને સર્જનાત્મક અર્થ આપી 'તું જ તારો દીવો થા' એ પ્રવિધિ અંતર્ગત લેખન કાર્ય | ડૉ. સ્મિતાબહેન ત્રિવેદી |
| ૯. | ૨૬/૧૨/૧૬ થી ૨૬/૦૧/૧૭ | સેમ – ૪ની તાલીમાર્થીઓ દ્વારા EPC – 4 'સ્વની સમજ' પ્રશ્નપત્ર અંતર્ગત ઈન્ટર્નશીપ દરમ્યાન નોટબુકમાં રોજનીશી લેખન કાર્ય | ડૉ. સ્મિતાબહેન ત્રિવેદી |
| ૧૦. | ૧૭/૦૨/૧૭ | CP – 2 'અભ્યાસક્રમમાં ભાષા' પ્રશ્નપત્ર અંતર્ગત 'ગુજરાતીમાં ઉપલબ્ધ વિવિધ વેબસાઈટ્સનું સમીક્ષાત્મક મૂલ્યાંકન' સ્વાધ્યાય સ્વરૂપે લેખન કાર્ય | ડૉ. સ્મિતાબહેન ત્રિવેદી |
| ૧૧. | ૦૩/૦૨/૧૭થી ૦૪/૦૨/૧૭ | PE-5 'જાતિ, શાળા અને સમાજ' પ્રશ્નપત્ર અંતર્ગતમુદ્દાઓનું કાર્યશિબિરનું આયોજન | ડૉ. રોહિણીબહેન ઉપાધ્યાય અને ડૉ.જલ્પાબહેન ગજ્જર |